# અમે છીએ સિસ્ટર... દર્દીઓની સેવા અમારું કર્તવ્ય



નર્સ કોણ હોય છે? નર્સ એ વ્યક્તિ છે જે બીમાર અથવા ઇજાગ્રસ્ત વ્યક્તિની દેખભાળ કરે છે. દર્દીને સાજા કરવા, તેમને ફિટ અને સ્વસ્થ રાખવા માટે નર્સ ડૉકટર અને અન્ય સ્વાસ્થ્ય દેખભાળ કર્મીઓ સાથે કામ કરે છે. નર્સિંગ ડૉકટરની જેમ જ એક પ્રોફેશન છે પણ નર્સ માટે તાલીમ અલગ હોય છે. કોરોનામાં નર્સની ભૂમિકા બહુ અલગ અલગ રૂપોમાં જોવા મળી હતી. કોરોનાના પ્રથમ વેવમાં કોરોનાપીડિત હોસ્પિટલમાં એકલા સારવાર માટે દાખલ થતા ડરતા, તેમને આશ્વસ્ત કરવાની, હિંમત આપવાની જવાબદારી પણ નર્સે નિભાવી હતી. એ સમય તો એવો હતો કે પોતાના પરિવારથી દૂર હોસ્પિટલમાં મહિનાઓ સુધી રહી નર્સે સરાહનીય કામગીરી કરી હતી.

178 વર્ષ પહેલાંની વાત છે. રશિયાના ક્રિમિયામાં યુદ્ધ ચાલી રહ્યું હતું ત્યારે એક મહિલાએ રાતદિવસ જોયા વગર ઘાયલ સૈનિકોની સેવા કરી. રાત્રે પણ તે ફાનસ લઈને ઘાયલોની દેખભાળ માટે નીકળી જતી. સૈનિકોએ તેમને ‘લેડી વિથ ધ લેમ્પ’ કહેવાનું શરૂ કરી દીધું. આ મહિલા બીજું કોઈ નહીં પણ ફ્લોરેન્સ નાઈટિંગલ હતાં. આજે પણ જ્યારે કોઈ મહિલા નર્સનું કરિયર અપનાવે તેના આદર્શ ફ્લોરેન્સ નાઈટિંગલ જ હોય છે. સુરતની હોસ્પિટલોમાં કાર્યરત નર્સ બહેનો પણ દર્દીઓ પ્રત્યેની દેખભાળનું કામ ઉમદા રીતે કરી રહી છે. તેઓ પોતાનું દર્દી પ્રત્યેનું કર્તવ્ય અને પરિવાર પ્રત્યેની જવાબદારી બંનેને કઈ રીતે બેલેન્સ રાખે છે, શું તેમને કોઈ ચેલેન્જીસ ફેસ કરવા પડે છે?તે આપણે સુરતની નર્સ બહેનો પાસેથી જાણીએ.....



## પેશન્ટ સાજા થઈને ઘરે જાય પછી પણ ફોનથી કોન્ટેક્ટમાં રહે ત્યારે ખુશી મળે છે: એલિઝાબેથ સ્ટેન્લી

સગરામપુરા પૂતળી વિસ્તારમાં રહેતાં 34 વર્ષીય એલિઝાબેથ સ્ટેન્લી એક પ્રાઈવેટ હોસ્પિટલમાં કેન્સરના દર્દીઓની સેવા છેલ્લા સાડા છ વર્ષથી કરી રહ્યાં છે. તેમણે જણાવ્યું કે, ‘‘મેં સિસ્ટર તરીકેની મારી 10 વર્ષની કારકિર્દીમાં 2000 જેટલા કેન્સર પેશન્ટ્સની સેવા કરી છે. હું મૂળ કેરળની છું. મારી એક ફ્રેન્ડની સિસ્ટર કેન્સર પેશન્ટ્સ પર રિસર્ચ કરતાં હતાં અને મારી એક કઝીન સિસ્ટર પણ નર્સિંગ અને સોશ્યલ વર્ક વિશે કહેતી જેનાથી મને નર્સિંગનો કોર્સ કરવા માટે પ્રોત્સાહન મળ્યું હતું. મેં આંધ્રપ્રદેશમાં નર્સિંગનો કોર્સ કર્યા પછી દિલ્હીમાં નર્સ તરીકેની જોબ સ્ટાર્ટ કરી હતી. લગ્ન બાદ હું સુરત આવી અને અહીં હું એન્કોલોજી ડિપાર્ટમેન્ટમાં કાર્યરત છું. સિસ્ટર તરીકેનો મને એક કિસ્સો યાદ છે. એક બાળદર્દી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયું હતું.





તેની સાથે બહુ લાગણી થઈ ગઈ હતી પણ તે બાળક લાંબું આયુષ્ય લઈને નહોતું આવ્યું. તેના નિધનથી હું ખૂબ વ્યથિત થઈ હતી. જ્યારે કોઇ દર્દી સાજો થઈને તેના ઘરે જાય અને ફોનથી અમારી સાથે કોન્ટેક્ટમાં રહે ત્યારે અમને અમારા કાર્ય પર ગર્વ થાય છે અને ખુશીની લાગણી થાય છે. મને મારા કાર્ય માટે મારા હસબન્ડ, મારા મધર ઇન લોનો સારો સપોર્ટ મળ્યો છે. હું હોસ્પિટલમાં હોઉં ત્યારે દીકરાનું ધ્યાન રાખવાનું અને બીજાં કામો તેઓ કરી લે છે. આ ઉપરાંત કન્સલ્ટન્ટ્સ અને મેનેજમેન્ટનો સારો સહકાર મળે છે.

## ઓપરેશન થિયેટરમાં એક નર્સ દાઝી ગયાં હતાં તેમની મેં સેવા કરી હતી પણ તે બચ્યાં નહીં, આ ઘટના હું આજીવન નહીં ભૂલી શકું: નિકિતા પટેલ



કતારગામ સુમુલ ડેરી વિસ્તારમાં રહેતાં 33 વર્ષીય નિકિતાબેન હાલ એક મલ્ટીસુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ વોર્ડમાં ઇન્ચાર્જ છે. તેમણે જણાવ્યું કે, ‘‘હું નર્સિંગ ફિલ્ડમાં મારાં મધરને કારણે આવી. મારાં મધર ટીચર છે પણ તેઓ લોકોની હેલ્પ આપણાથી થાય એટલી કરવી જોઈએ તેવું માને. મારાં મધરની આ ભાવના મને સ્પર્શી જતી એટલે જ મેં નર્સિંગનું ફિલ્ડ પસંદ કર્યું. મેં 13 વર્ષમાં હજારો દર્દીઓની સેવા કરી છે. નર્સ તરીકેનું જ્યારે કરિયર પસંદ કરવામાં આવે ત્યારે સૌથી મોટી ચેલેન્જ જો હોય તો તે છે ટાઈમ મેનેજમેન્ટ. તમે પ્લાનીંગ કર્યું હોય ઘરે સમય પર પહોંચવાનું અને દર્દીની ઇમરજન્સી આવે ત્યારે દર્દીને પ્રાયોરિટી આપવી પડે. નર્સિંગ પ્રોફેશનમાં જોબ, ઘર અને બાળકનું ધ્યાન આ ત્રણેનું બેલેન્સ રાખવું ડીફિકલ્ટ છે પણ મારાં મધર ઇન લો ખૂબ સપોર્ટિવ છે. એમને કારણે પણ હું હોસ્પિટલમાં નિશ્ચિતપણે મારું કાર્ય કરી શકું છું. 10 વર્ષ પહેલાંની એક ઘટના હું જીવનમાં ક્યારેય નહીં ભૂલી શકું. હું અને બીજાં એક સિસ્ટર સાથે જ આ ફિલ્ડમાં આવ્યાં હતાં. તે સિસ્ટર ઓપરેશન થિયેટરમાં સ્ટરાઈલ ટ્રોલી પ્રીપેર કરતાં હતાં અને અચાનક દાઝી ગયાં હતાં. તે 75%જેટલું દાઝી જતાં તેમને ICU માં દાખલ કર્યાં હતાં. તેમની મેં 10-15 દિવસ સેવા કરી હતી. સવારસાંજ તેમનું ડ્રેસિંગ કરતાં પણ તે બચી નહીં શક્યાં. આ ઘટના હું લાઈફમાં ક્યારેય નહીં ભૂલી શકું. કોવિડ દરમિયાન એક પેશન્ટ મારા હાથે જ જમતા.’’



## 2006ના પૂરમાં એક પ્રેગ્નન્ટ લેડીની સેફ ડિલિવરી કરાવવા સહિત 2 ઉમદા કાર્યો માટે રાષ્ટ્રપતિ અવોર્ડ મળ્યો છે: કૈલાસબેન સોલંકી

પીપળોદ વિસ્તારમાં રહેતાં 49 વર્ષીય કૈલાસબેન હાલમાં યુનિવર્સિટીના હેલ્થ સેન્ટરમાં વિદ્યાર્થીઓના હેલ્થ રિલેટેડ કાર્ય કરે છે. ઉપરાંત તેઓ કોર્પોરેટર પણ છે અને SMCની હોસ્પિટલ કમિટીના વાઇસ ચેરમેન છે. તેમણે જણાવ્યું કે, ‘‘હું નર્સિંગનો કોર્સ કરતી હતી ત્યારે સુરતમાં પ્લેગની સ્થિતિમાં મેં લોકોને પ્લેગથી બચવા માટેની દવાનું વિતરણ કરવાનું અને લોકોમાં પ્લેગને લઈને જાગૃતિ ફેલાવવાનું કાર્ય કર્યું હતું. પછી મેં જૂની મહાવીર હોસ્પિટલમાં નર્સ તરીકે મારી કારકિર્દીની શરૂઆત કરી હતી. 2006માં સુરતમાં જે ભયંકર પૂર આવ્યું ત્યારે પૂરની સ્થિતિમાં ફસાયેલી એક પ્રેગનન્ટ મહિલાને સુરક્ષિત બહાર કાઢી તેને દવાખાને લઈ જતી વખતે તેને પ્રસવ પીડા ઊપડતાં મેં તેની સેફ ડિલિવરી કરાવી હતી. તે પરિવાર તો આજે પણ એ ઘટનાને યાદ કરી મારી સામે સ્મિત આપે છે ત્યારે મને ખુશીની લાગણી થાય છે. આ ઉપરાંત એક બીજા કિસ્સામાં યુનિવર્સિટીમાં N.S.S. કેમ્પમાં એકને રસલ વાઈપર ઝેરી સાપ કરડ્યો હતો. આ સાપના કરડવાથી વ્યક્તિનું અડધોથી પોણો કલાકમાં મૃત્યુ થઈ જાય. જેમને સાપે દંશ આપ્યો તેમને વેન્ટીલેટરની જરૂર હતી. તેમને વેન્ટીલેટરની સુવિધાવાળી એક હોસ્પિટલમાં ખસેડી એમની જિંદગી બચાવી હતી. આ બંને ઉમદા કાર્ય માટે રાષ્ટ્રપતિ એવોર્ડ મળ્યો હતો. મેં કોવિડ દરમિયાન પણ આઇસોલેશન સેન્ટરમાં દર્દીઓની ઉમદા સેવા કરી હતી જેની પણ નોંધ લેવાઇ હતી. હું સેવાને પરમ ધર્મ માનું છું.



## પ્લેગના સમયે મારા નવા નવા મેરેજ થયા હતા ત્યારે હસબન્ડે મને દર્દીઓની સેવા માટે પ્રોત્સાહિત કરી હતી: વાસંતી નાયર



નવાગામ ડીંડોલી વિસ્તારમાં રહેતાં 55 વર્ષીય વાસંતીબેન એક સરકારી હોસ્પિટલમાં છેલ્લાં 33 વર્ષથી દર્દીઓની સેવા કરી રહ્યાં છે. તેમણે જણાવ્યું કે, ‘‘મારાં મમ્મી મને ડોક્ટર બનાવવા માંગતાં હતાં પણ હજી તો મેં 11મું ધોરણ પાસ કર્યું જ હતું ત્યાં મારાં મમ્મીનું નિધન થયું. ત્યારે મારા અઢી વર્ષના ભાઈને સંભાળવાની જવાબદારી મારા પર આવેલી. એ સમયે નવસારીના એક આંટી જેઓ પોતે પણ નર્સ હતાં તેમણે મને નર્સિંગનો કોર્સ કરવા કહ્યું એટલે પછી મેં નર્સ બનવાનું નક્કી કર્યું હતું. મેં અત્યાર સુધીમાં મેડિસિન, ગાયનેક, ઓર્થોપેડિક, સર્જરી વોર્ડમાં દર્દીઓની સેવા કરી છે. ઓપરેશન થિયેટરમાં પણ મારું કર્તવ્ય નિભાવ્યું છે.નાઈટ શિફ્ટમાં ડ્યુટી થોડી અઘરી લાગે કેમ કે ઇમરજન્સી પેશન્ટને હેન્ડલ કરવાના હોય અને સ્ટાફ ઓછો હોય. જો કે, હું મારી ડ્યુટી ઈમાનદારીથી કરું છું. જ્યારે સુરતમાં પ્લેગ ફાટી નીકળ્યો હતો ત્યારે તો મારા નવા નવા મેરેજ થયા હતા. મેરેજ બાદ થોડા સમય માટે મારા હસબન્ડ વિદેશ ગયા હતા અને હું નવસારીમાં હતી. હોસ્પિટલમાં મારી નાઈટ ડ્યુટી હતી. હું તો પ્લેગનું નામ સાંભળીને ડરી ગઈ હતી ત્યારે મારા હસબન્ડે મને ફોન કરીને કહ્યું હતું કે નર્સનું કર્તવ્ય છે દર્દીની સેવા કરવાનું. તારે તારું કર્તવ્ય નિભાવવું જોઈએ. પછી એક સીનિયર સિસ્ટરની સલાહ લઈ હું હોસ્પિટલ ગઈ હતી. એ વખતે તો મેં એક દિવસમાં 40થી 45 પ્લેગના દર્દીઓની સેવા કરી હતી. અમે બધી નર્સ મોઢા પર માસ્ક બાંધીને દર્દીઓની સેવા કરતા. પછી ડર નીકળી ગયો હતો. જ્યારે મારી દીકરી મહિનાની હતી ત્યારે તેને ઘરે મૂકીને મારે હોસ્પિટલ મારી ડ્યુટી નિભાવવા જવું પડ્યું ત્યારે મને બહુ વસમું લાગેલું અને રડવું પણ આવેલું. કોવિડના સમયે તો દર્દીઓને સગાંસંબંધી મળી નહોતા શકતા ત્યારે અમે દર્દી અને તેમનાં સગાંની ફોન પર વાત કરાવતા.એ સમયે એક બેન બાયસેપ પર હતાં. તેમને અકળામણ થતી. હું ફોન પર તેમની સાથે કનેક્ટ રહી તેમની સમસ્યાઓનું નિરાકરણ કરતી. જ્યારે તે બેન હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયાં ત્યારે મને સ્પેશ્યલ થેંક્સ કહી ગયાં હતાં.’

## બાળપણથી જ મને સેવાનાં કામો કરવા ગમતાં એ કારણે જ હું આ ફિલ્ડમાં આવી: સાજેદા ચાંદ



મજુરાગેટ સિવિલ કેમ્પસમાં સ્ટાફ કવાર્ટસમાં રહેતાં 52 વર્ષીય સાજેદા ચાંદ 25 વર્ષથી નર્સિંગ ફિલ્ડમાં છે. તેમણે અત્યાર સુધીમાં પીડિયાટ્રિક વોર્ડ, પીડિયાટ્રિક ICU, ઓપરેશન થિયેટરમાં પોતાની ફરજ બજાવી છે. હાલમાં તેઓ ઇમરજન્સી કેઝયુલીટી ડિપાર્ટમેન્ટમાં સીનિયર નર્સ તરીકે દર્દીઓની સેવા કરી રહ્યાં છે. તેમણે જણાવ્યું કે, ‘‘હું જ્યારે ત્રણ વર્ષની હતી ત્યારે મારા દાદા પથારીવશ હતા તેમની નાની નાની જરૂરિયાતો માટે હું દોડી જતી અને તેમની બનતી સેવા કરતી હતી. મારાં મમ્મી પણ બીમારાવસ્થામાં બેડ પર હતાં ત્યારે તેમની સેવા પણ મેં કરી હતી. વિદેશ રહેતાં મારાં મામા-મામીએ મને નર્સિંગ ફિલ્ડમાં જવા માટેની પ્રેરણા આપી હતી. જો કે મારાં બીજા કેટલાંક રિલેટિઝ મને આ ફિલ્ડમાં જવા માટે ના પાડતાં હતાં. આવી દુવિધાભરી સ્થિતિમાં પણ મેં મન મક્કમ રાખી નર્સિંગના કોર્સ માટે ફોર્મ ભર્યું હતું. હું પહેલાં બારડોલીમાં રહેતી હતી. જ્યારે મને નવી સિવિલ હોસ્પિલમાં જોબ મળી ત્યારે હું બસમાં અપડાઉન કરતી. 20 વર્ષ પહેલાં એક 3-4 વર્ષનું બાળક બીમાર અવસ્થામાં પીડિયાટ્રિક વોર્ડમાં દાખલ થયું હતું. એ વખતે તે બાળકનો પરિવાર સહારા દરવાજા વિસ્તારમાં ઝૂંપડપટ્ટીમાં રહેતો. આ બાળક સાજું થઈને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયું તેના કેટલાક મહિના બાદ હું નવી સિવિલ આવતી હતી ત્યારે સહારા દરવાજા પર બસમાંથી ઊતરી ત્યારે તે બાળકની નજર મારા પર પડતાં તેણે તેનાં મમ્મી-પપ્પાને આ વાત કહી અને તે લોકો મારી પાસે દોડતાં આવ્યાં ત્યારે મને નવાઈ લાગી હતી કે આ બાળક મને ઓળખી ગયું કે મેં તેની સેવા કરી હતી. એ કિસ્સો હું લાઈફમાં કદાપિ ભૂલી શકું એમ નથી. બીજા એક કિસ્સામાં એક ચાર વર્ષની બાળકી બ્લડ કેન્સરથી પીડિત હતી. તેની સારવાર સિવિલમાં ચાલતી હતી. તે બાળકીએ તેની બર્થડે પર મને કેડબરી ચોકલેટ આપવા તેની મમ્મીને કહ્યું હતું. કોવિડ સમયે મેં અનેક કોરોના પેશન્ટની સેવા કરી હતી. કોરોના પોઝિટિવ દર્દીઓનાં સગાંને પણ ગાઈડન્સ અને સથવારો આપ્યો હતો.

## જ્યારે કોઈ દર્દીના બચવાના ચાન્સ નહીં હોય અને તે સાજું થઈને ઘરે જાય ત્યારે જે દુઆ આપે છે તે હૃદયને સ્પર્શી જાય છે: સુનીતા પાલ



બોમ્બે માર્કેટ વિસ્તારમાં રહેતાં 35 વર્ષીય સુનીતાબેન શહેરની એક નામાંકિત હોસ્પિટલમાં 12 વર્ષથી નર્સ તરીકે દર્દીઓની સેવા કરી રહ્યાં છે. તેમણે જણાવ્યું કે, ‘‘મેં 2007ના વર્ષમાં નર્સિંગનો કોર્સ કર્યો હતો. એ વખતે તો મારા ફેમિલીમાં કોઈ પણ મેડિકલ કે પેરામેડિકલ ફિલ્ડમાં નહોતા. હું જ ફર્સ્ટ હતી જે મેડિકલ ફિલ્ડમાં આવી. મારો સબ્જેક્ટ બાયોલોજીનો હતો જે મારો મનગમતો સબ્જેક્ટ હતો એટલે મને નર્સિંગના ફિલ્ડમાં આવવાની ઈચ્છા હતી. જ્યારે સીરિયસ હાલતમાં કોઈ દર્દી હોસ્પિટલમાં આવે અને તેના બચવાના ચાન્સ નહીં હોય એવા દર્દી સાજા થઈને ઘરે જાય ત્યારે એ દર્દી અને તેમનાં સગાં કર્મનિષ્ઠાથી કરેલા અમારા કામ માટે અમને દુઆ આપે એ હૃદયને સ્પર્શી જાયછે. કોવિડના સમયમાં હું 8 મહિના ઘરે નહોતી ગઈ. એ સમય દરમિયાન મારી અને મારા દીકરાની બર્થડે પણ આવી હતી. વીડિયો કોલિંગથી મેં દીકરાની બર્થડેનું સિમ્પલ સેલિબ્રેશન જોયું હતું. હવે તો લોકો નાઈટ ડ્યુટીમાં કામ કરતી નર્સ માટે સમ્માન અને આદરની લાગણી વ્યક્ત કરે છે. હા, કોઈક લોકો એવાં હોય જે ટીકા કરી જાય પણ હું આ કામને પુણ્યનું કામ માનું છું. ઈશ્વરે સેવાના કામ માટે અમને ધરતી પર મોકલ્યા છે એટલે સેવાના કામમાં હું ક્યારેય પીછેહઠ નથી કરતી.જ્યારે એક મહિલા ઘરમાંથી બહાર નીકળીને નોકરી કરવા જાય ત્યારે તેના ઘરનો સપોર્ટ હોય છે એટલે જ તે તેના કાર્યક્ષેત્રમાં સફળ થાય છે.

**આજે સ્ત્રી પણ પુરુષસમોવડી બની છે. એવા કેટલાય પુરુષપ્રધાન ગણાતાં કાર્યો હવે મહિલાઓ પણ ઉમદા રીતે કરી રહી છે. નર્સ બહેનો પણ શિફ્ટમાં કામ કરે છે. નાઈટ ડ્યુટીમાં 12 કલાક જેટલો સમય દર્દીઓની દેખભાળ માટે હોસ્પિટલને આપે છે. નાઈટ ડ્યુટી પહેલાં તે ઘરનાં કામોને મર્યાદિત સમયમાં મેનેજ કરે છે. જો કે તે પોતાનું દર્દીઓ પ્રત્યેનું કર્તવ્ય પરિવારના સાથ અને સહકારને કારણે જ નિભાવી શકે છે. જ્યારે તે હોસ્પિટલમાં પોતાનું કર્તવ્ય નિભાવતી હોય ત્યારે તેમનાં બાળકોની દેખભાળ પતિ, મધર ઇન લો, માતાપિતા કરે છે.**